₹ 20.00

# Welcare TODAY

LIVE RIGHT, LIVE HEALTHY

A Patient Education Initiative by 'Arthritis Foundation'







Issue No. 10 | Volume No. 4 | Published on 1 October 2019

## First Amongst Equals !

Dr. Mody has been at the epicentre of academic activities in the field of Orthopaedics in the Asia Pacific Region, P..2

## Contents

The Modys in China and India..................................2
આપ સૌને દિવાળીની ખુબ ખુબ શુભકામનાઓ, નવું સાલ મુબારક૩
રોગના ઈલાજ માટે હોસ્પિટલની પસંદગી કેટલી મહત્વની ? ..... ૪
Welcare Hospital hits Sixers even on Googly Balls! 5
યુ.કે. ના ગુજરાતી વતનીઓ ને ભારતમાં તબીબી સેવાઓ પીરસતા બે સર્જનોની જુગલબંદી .................................... ૬
આર્થરાઈટીસ ફાઉંડેશનના ડોક્ટર દ્વારા તમારા ઘર આંગણે નિઃશુલ્ક તપાસ .................................................. ૮

# The Modys in China and India




Above & Below: Dr. Bharat Mody addressing the gathering of ortho surgeons at the IAACON






Above: Dr. Mody being invited on the International stage to deliver his keynote lecture.





Dr. Kshitij Mody was an actively participating delegate.

Giving lectures & listening to lectures are the two main pathways to keep adding to one's knowledge base. The Modys of Welcare are committed to this combination! Dr. Bharat Mody, is internationally recognized as a world authority in joint replacement surgery. Over his career he has delivered expert lectures in all the corners of the world. The Asia Pacific Arthroplasty Society (APAS) recently invited Dr. Mody to deliver keynote lectures at the international conference held in Xiamen, China – from 26 to 29 August 2019.

In a surgeon's career listening to lectures by world experts is extremely important to keep on adding to his knowledge. Dr. Kshitij Mody has the rare opportunity to have a world recognized Guru as his own father! It was a learning moment, as well as a proud moment for Dr. Kshitij Mody to hear and learn from the lectures delivered by the senior Dr. Bharat Mody at the Xiamen conference.

The father–son duo are making their presence felt on the national platforms as well. Dr. Bharat Mody was invited at the Indian Arthroplasty Association (IAA) annual conference in Mumbai as a senior faculty. Dr. Kshitij Mody also attended the conference.

*[Currently, Dr. Bharat Mody is the president elect of APAS & was the past president of IAA.]*

Below: The Modys, Dr Kshitij and Dr Bharat interacting with delegates in the International APAS Conference in China.



**Welcare TODAY**


### Editorial Board

**Editor**
Dr Harshida Mody
**Editorial Team**
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah
Dr Kshitij Mody


### Contact Us

Do you have any query about any medical illness? Are you in two minds about getting medical treatment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

**તબીબી સલાહ માટે અમારો સંપર્ક કરો**

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની નિઃશુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરશો.

communication@welcarehospital.co.in

PRE ACCREDITED

**Welcare Hospital**
*Gujarat's Hospital for Special Surgeries*
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in

**Appointments**
9:00 AM to 6:00 PM
**9327435570**
**9328921614**


# આપ સૌને દિવાળીની ખૂબ ખૂબ શુભકામનાઓ, નવું સાલ મુબારક

**Editorial**

મિત્રો, દિવાળીનો શુભ અવસર આવી ચૂક્યો છે. આપણી સંસ્કૃતિ અને ધર્મના આ દીવસો દરમ્યાન આપ અને આપના પરિવારજનોને વેલકેર હોસ્પિટલ ટિમ તરફથી દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને નુતન વર્ષ માટે હૃદયપૂર્વક 'સાલ મુબારક'.

**ડો. ભરત મોદી પરિવાર**



જીવન યાત્રા માં જેમ જેમ વર્ષો આગળ વધે છે તેમ તેમ એહસાસ થતો જાય છે કે ગમે તેટલું કમાઓ, પણ સ્વાસ્થ્ય ઉત્તમ ના હોય તો બધીજ વસ્તુ નકામી હોય છે.

દર્દીઓની આ અવસ્થા વેલકેર હોસ્પિટલમાં અમે દિવસ રાત જોઈએ છીએ. આવા હેરાન દર્દીઓને અમે બનતી કોશિશ કરીને સાજા કરીએ છીએ અને તેમને તેમનું સ્વાસ્થ્ય, આનંદ અને ઉત્સાહ પાછા આપીએ છીએ.

આ વર્ષ દરમ્યાન પણ અમે કટિબદ્ધ છે કે સમાજને આજ રીતે ઉત્સાહથી મદદ કરીશું.

### સર્જનોની સતત તાલીમ

આ અંકમાં અમે બતાવાં માગીએ છીએ કે ડોક્ટરો એવું ન સમજે કે ડિગ્રી મળી ગઈ એટલે શિક્ષણ પતિ ગયું. ડિગ્રી મળવી એ તો ફક્ત પહેલું પગથિયું છે. જો સર્જને નિપુણતા મેળવી ને તેને આજીવન સાચવી રાખવી હોય તો તેનેં સતત અભ્યાસ ચાલુ રાખવો પડે છે. કારણ તબીબી વિજ્ઞાન સતત વિકસતું હોય છે. ડોક્ટરોએ નવ-નવા સંશોધનો ની માહીતી મેળવવા નિયમિત મેડિકલ કોન્ફરન્સમાં જઈ પોતાનું જ્ઞાન વધારવું જરૂરી હોય છે. વેલકેર હોસ્પિટલના પ્રણેતા ડો. ભરતભાઈ મોદી અને ડો. ક્ષિતિજ મોદી દર બે મહિને ક્યાક નવું શીખવા કે ડોક્ટરોને શીખવાડવા સર્જીકલ કોન્ફરન્સમાં જરૂરથી હાજરી આપે છે.

### હોસ્પિટલોની પસંદગી

સારવાર માટે હોસ્પિટલની પસંદગી કેવી રીતે કરવી તેની વૈજ્ઞાનિક માહિતી આ અંક માં આપી છે.

### 'રિવિઝન સર્જરી'

સરકારશ્રી તરફથી તબીબી લાભદાઈ યોજનાઓના કારણે 'ની રિપ્લેસમેંટ' સર્જરીનું પ્રમાણ ખૂબ વધ્યું છે. પણ સાંધા પ્રત્યારોપણ માટે ઉચ્ચ કક્ષાના ઓપરેશન થિએટર હોવા આવશ્યક હોય છે. મા યોજનાની દરેક સર્જરી ઉચ્ચ કક્ષાની હોસ્પિટલોમાં ન થાય તો તેના કારણે સાંધા પ્રત્યારોપણ સર્જરી ફેઈલ થાય છે. પરિણામે દર્દી ખૂબ હેરાન થાય છે. એવા કેસ માટે 'રિવિઝન સર્જરી' કરવી પડે છે અને તે માટે વેલકેર હોસ્પિટલ વિશ્વ વિખ્યાત છે.

'રિવિઝન સર્જરી' કરાવવા દેશ વિદેશ માથી દર્દીઓ વેલકેર ની મુલાકાતે આવે છે.

### સ્વાસ્થ્ય અધિકાર દિવસ

આ અભિયાનનું ચોથું વર્ષ ચાલે છે. તેમાં હજારો દર્દીઓએ લાભ લઈ તપાસ અને સારવાર કરાવી છે.

સાથે 'મા-યોજના' ના દર્દીઓની સારવાર પણ વેલકેર હોસ્પિટલ ખાતે ચાલે છે. વેલકેર હોસ્પિટલ એવી યોજનાઓ હેઠળ સતત સેવા આપતી રહેશે.

# રોગના ઈલાજ માટે હોસ્પિટલની પસંદગી કેટલી મહત્વની ?

**સારા હોસ્પિટલમાં સારા ડૉક્ટર સાથે આધુનિક સાધન, અનુભવી સ્ટાફ અને ચોખ્ખાઈ હોવી આવશ્યક હોય છે**

જ્યારે પણ આપણે પોતાના માટે કે પોતાના સ્વજનો માટે કોઈક વસ્તુની પસંદગી કરીયે છીએ કાતો વસ્તુની ખરીદી કરતાં હોઈએ છીએ ત્યારે ઘણી બધી બાબતોને ધ્યાનમાં રાખતા હોઈએ છીએ. જેમકે જ્યારે તમે બાઇક ખરીદવાનું વિચારો ત્યારે તમે ખરીદતા પેહલા બાઈક વિષે થોડું રિસર્ચ કરતાં હોવ છો. કઈ બાઈક લેવી, કેટલા કિંમતની બાઈક લેવી, તેના એવરેજ વિષે, તેની પાછળના મેંન્ટેનન્સ વિષે તથા અન્ય બાબતો વિષે જાણકારી મેળવશો અને ત્યારબાદ બાઈક ખરીદશો. આજ રીતે જ્યારે તમે નવો સેલફોન ખરીદતા પેહલા પણ તેના ફીચર્સ કે કાર્યક્ષમતા વિષે જાણકારી મેળવતા હોવ છો. તો જેમ પોતાના શોખની વસ્તુ કે સગવડો માટે ઘણું વિચારીને આગળ વધતાં હોવ છો તો જ્યારે સ્વાસ્થ્ય ની વાત આવે તો આ રીતનાજ રિસર્ચ કે જાણકારી મેળવીનેજ નિર્ણય લેવા જોઈએ. એક જાણીતી કેહવત છે " પેહલું સુખ તે જાતે નર્યા" જો તમારું સ્વાસ્થ્ય સુખ સારું હશે તોજ તમે દુનિયાના બીજા બધા સુખને માણી શકશો.

સ્વાસ્થ્ય જગતનું ઉત્તમ સુખ છે સ્વાસ્થ્યની સારવાર લેતા પેહલા કેવા હોસ્પિટલમાં લેવી તે નક્કી કરવું જરૂરી છે. સ્વાસ્થ્ય સારવાર માટે હોસ્પિટલ એક મહત્વનુ પાસું છે. ઘણી વાર દર્દી મિત્રો વિચારતા હોય છે કે હું બીમાર છું તો સારવાર તો મારા જાણીતા ડોક્ટર પાસે લઈસ કે પછી મારા ગામના ડોક્ટર પાસે લઈશ. આમ વિચારવું ખોટું નથી પણ શું તમે જાણો છો કે ડોક્ટર ગમે તેટલો કાબેલ હોય , તે ડોક્ટરને મેડિકલ ક્ષેત્રમાં કેટલો પણ અનુભવ હોય પરંતુ તેનું હોસ્પિટલ યોગ્ય ન હોય તો સફળ સારવાર મેળવવી મુશ્કેલ બને છે. તો શું ખાલી ઓળખીતા ડોક્ટર કે ગામના ડોક્ટર હોવાથી ત્યાં સારવાર કરાવવી કેટલા હદે યોગ્ય છે ? આ તો પોતાના સ્વાસ્થ્ય સાથે જાણી જોઈને ચેડાં કરવા જેવુ છે.

સ્વાસ્થ્યની સારવાર માટે હોસ્પિટલની પણ પસંદગી સૌથી વધુ મહત્વની છે. તમે જે હોસ્પિટલ પસંદ કરો છો ત્યાંના ડોક્ટર તેમજ મેડિકલ સ્ટાફ કેટલા અનુભવી છે ? આજે ઘણા બધા રોગો ઈન્ફેક્શન ને કારણે થતાં હોય છે, જો હોસ્પિટલમાં સ્વચ્છતા ના હોય તો દર્દી સાજો થવાની જગ્યાએ વધુ બીમાર પડે છે. આમ જાણવું જરૂરી છે કે હોસ્પિટલ ઈન્ફેક્શન રહિત છે કે નઈ? આજે મેડિકલ વિજ્ઞાન હરણફાળ ભરી રહ્યું છે તો શું તમારું પસંદ કરેલ હોસ્પિટલ અત્યાધુનિક સાધનોથી યુક્ત છે ખરું?

વેલકેર હોસ્પિટલના સ્થાપક અને વિશ્વ વિખ્યાત સર્જન ડો. ભરત મોદી કહે છે કે “તમે ગમે તેટલી સ્વાદિષ્ઠ રસોઈ બનાવી હશે પરંતુ તમારા રસોઈ ઘરમાંજ જો ગંદકી હશે તો તમારો પ રિવાર ને બીમારી નો સામનો કરવો પડશેજ!” એજ રીતે હોસ્પિટલમાં ચોખ્ખાઈ નઈ હોય તો દર્દીને ચેપ લાગવાનો ભય રહશે.



સારી હૉસ્પિટલમાં નિષ્ણાત ડૉક્ટર, ટ્રેઈન્ડ-ક્વાલિફાઈડ સ્ટાફ અને સતત સ્વચ્છતા હોવી આવશ્યક હોય છે.

વધુમાં ડો. મોદી સાહેબ જણાવે છે કે હોસ્પિટલ એ એક ફૂટબોલ ટિમ ની જેમ છે, જેમ ફૂટબોલ ટિમ ના દરેક ખિલાડી ભેગા થઈને રમે છે અને સાથ સહકાર આપે છે ત્યારેજ તો ટીમનો ગોલ થાય છે. એજ રીતે એકલું અત્યાધુનિક હોસ્પિટલ કે અનુભવી ડોક્ટર દર્દીને રોગમુકત કરવામાં મદદ નથી કરતાં તેની સાથે સાથે પૂરી ટિમ જેમ કે અનુભવી નર્સ, અત્યાધુનિક ટેક્નૉલોજિ, હોસ્પિટલનું સ્વચ્છ વાતાવરણ જેવા અન્ય પાસાઓ પણ એટલુજ મહત્વ ધરાવે છે. અને અંતે દર્દી સાજો થઈ પોતાના ઘરે જાય છે.

જો અત્યાધુનિક વેલકેર હોસ્પિટલ ની વાત કરીયે તો એક સફળ ફૂટબોલ ટિમ જેવુજ ઉત્તમ ઉદાહરણ સાબિત થાય છે. અહિયાં અત્યાધુનિક હોસ્પિટલની સાથે સાથે ૫૦,૦૦૦ થી પણ વધુ સફળ સર્જરીઓ કરનાર અનુભવી સર્જન ડો. ભરત મોદી છે, જેમની સાથે વર્ષોનો અનુભવ ધરાવતો મેડિકલ સ્ટાફ છે, સર્જરી બાદ પોતાના માવતર જેવી કાળજી રાખનાર નર્સો છે, અત્યાધુનિક ટેક્નૉલોજિ યુક્ત મેડિકલ સાધનો છે. જેથી કરીને દર્દી વેલકેરમાથી હસતાં મુખે સફળ સારવાર કરાવીને પોતાના ઘરે પાછો ફરે છે.

# Welcare Hospital hits Sixers even on Googly Balls!

## After a Complex Revision Knee Surgery, Mr Joshi says he has been given a new life!

Mr Bharatbhai Joshi had been operated on his knee for a primary knee replacement and then revision surgeries more times than he could remember. When he arrived at Welcare Hospital on a wheelchair, he looked like a man who had lost all hope. He hadn't walked on his own feet in over a year and had lost the will to live.

When the Ortho Team at Welcare examined Mr Joshi, they realized that the previous surgeon had attempted a very difficult surgery and failed miserably. In a desperate attempt to salvage what was left, the surgeon had tried his best to place a cement block inside the knee to provide whatever little stability to the joint that was possible. Unfortunately, this attempt was unsuccessful as well.

The extent of damage can be seen very clearly on comparing Mr Joshi's x-rays to the x-rays of a normal knee joint as seen in the pictures provided.

This was an extremely difficult case by any standards and hence orthopaedic surgeons all over the country had rejected Mr Joshi. The patient had given up and believed he would never walk again but his family urged him to keep trying…and so they did!

Once the team at Welcare Hospital had analysed and discussed the case in detail, they assured Mr Joshi that he would walk on his own two feet again. After an extremely demanding and complex surgery when Mr Joshi and his family were informed that the surgery was a big success, they could not help but shed tears of joy. Along with a brand new functioning leg as seen in the x-ray below, Mr Joshi said that he had been given a new life!

Welcare Hospital is a world-renowned institution for all orthopaedic problems and deals with highly complex and challenging cases on a daily basis. The Team at Welcare takes immense pride in helping people lead better and independent lives. Mr Joshi is one such example of a success story!



*Above: X-Rays of a Normal Knee*



*Above: X-Rays of Mr Bharatbhai Joshi's damaged knee.*



*Above: X-Rays after surgery show how Mr Joshi's artificial joints are perfectly placed in the bones. No wonder he can stand upright and even gave a 'pose' with a leg on the bed![Right]. His upright stance does not show how once he had a bent knee.*





# યુ.કે. ના ગુજરાતી વતનીઓ ને ભારતમાં તબીબી સેવાઓ પીરસતા બે સર્જનોની જુગલબંદી

બે જુના દોસ્તો, ડો. હરીશ + ડો. ભરત, હવે કરે છે યુ.કે. ના દર્દીઓની સારવાર!



યુ.કે.-૧૯૮૯-૧૯૯૩-સાથે તાલીમ લેતા હતા ડો. હરીશ અને ડો. ભરત

ડો. ભરત મોદી ઈંગ્લેડ માં રોયલ કોલેજ ઓફ સર્જન ઓફ ઈંગ્લેન્ડ માં ઉચ્ચ સ્તરીય શૈલ્યક્રિયા ની તાલીમ લઈ રહ્યા હતા. એ સમયે તેમની મુલાકત ડો. હરીશ પરમાર સાથે થઈ. ડો. હરીશ પરમાર ગુજરાતી હોવા છતાં તેમણે ક્યારેય ભારત જોયું નહતું કારણ કે તેમનો જન્મ ઈસ્ટઆફ્રિકા માં કેન્યા માં થયો હતો. જ્યારે ભારતીયો ની ત્યાં થી હાકલ કરવામાં આવી ત્યારે હજારો ભારતીયો ની સાથે રાતોરાત ડો. હરીશ કુટુંબ સાથે ઈંગ્લેન્ડ ગયા.

ઈંગ્લેન્ડમાં ૧૪ વર્ષમાં તેમણે એક અંગ્રેજ તરીકે પોતાની છાપ ઊભી કરી. ભણવામાં ખુબજ હોશિયાર હોવાથી ઈંગ્લેન્ડ ની એજ્યુકેશન પ્રણાલી પ્રમાણે આગળ ભણી હરીશ ઓર્થોપેડીક સર્જન ની ઉપાધિ મેળવવામાં સફળ રહ્યા.

## બે સર્જનોની મુલાકાત

જોગાનુજોગે ડો. ભરત મોદી અને ડો. હરીશ પરમાર એક જ ડિપાર્ટમેંટ માં advanced training લઈ રહ્યા હતા તે વખતે તેમની દોસ્તી થઈ. ડો. ભરતને મળીને ડો. હરીશને નવાઈ લાગી કે ભારત જેવા વિકાશશીલ ગણાતા દેશમાંથી આવેલી વ્યક્તિ સર્જરીમાં કેટલી કુશળ છે... ડો. ભરતની સાથે વિચારો ની આપ લે કરતાં ડો. હરીશને જાણવા મળ્યું કે તેઓ ભારત વિશે વિચારતા હતા તેવું નથી. ભારતના તબીબો દુનિયાભરના તબીબોની સરખામણીમાં ખૂબ કુશળ હોય છે અને ભારતમાં પણ ઉચ્ચતમ કક્ષાની તબીબી સેવાઓ મળે છે.

## ભારતની મુલાકાતે

૨૫ વર્ષ પછી જુની મિત્રતા ના આધારે ડો હરીશભાઈ ડો ભરતભાઈને મળવા ખાસ વડોદરા પધાર્યા, વેલકેર હોસ્પિટલ જોઈ... ડો. હરીશભાઈને ભારત વિશેનો ગર્વ જાગી ગયો.

## વેઇટિંગ લીસ્ટ

બે સર્જન ભેગા થાય ત્યારે સર્જરીની જ વાત કરે! યુ.કે. અને ભારતમાં થતા સાંધા પ્રત્યારોપણ વિશે વાત નિકળી ત્યારે ડો. હરીશભાઈએ યુ.કે. ની National Health Service [NHS] માં જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે waiting list છે તેમ જણાવ્યું.

યુ.કે.ના નાગરિકોને NHS સારવાર નિઃશુલ્ક છે, પણ ઘણી વખત સાંધા પ્રત્યારોપણ માટે એક વર્ષ રાહ જોવી પડે છે. અને પોતાને ખર્ચે પ્રાઈવેટ હોસ્પિટલમાં ઓપરેશન કરવા જાવ તો ખર્ચ ખૂબ વધારે હોય છે. તે વખતે બંને ઓર્થોપેડિક જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જનોએ નક્કી કર્યું કે ભારતીય મુળના યુ.કે.ના નાગરીકો માટે કઈક કરીએ... તેનાથી બની મિત્રતાની જુગલબંદી !

## મિત્રતાની જુગલબંદી

બંને જણાએ નક્કી કર્યું કે યુ.કે.ના ભારતીય મૂળના લોકોને જો જોઈન્ટ રિપ્લેસમેન્ટની જરૂર હોય તો ડો. હરીશ તે દર્દીઓની પોતે સમય કાઢીને મદદ કરશે. તેમની કાર્યપ્રણાલી કહીએ છીએ ડો. હરીશ સાથેની પ્રશ્નોત્તરી દ્વારા...

**યુ.કે.માં NHS સેવા કેવી છે ?**

યુ.કે. માં NHS ઘણી સરસ અને ઉચ્ચ કક્ષા ની છે. તકલીફ એ છે કે ત્યાં ની સરકારી હોસ્પિટલો માં દર્દી ઓ ની સંખ્યા ખૂબજ વધુ હોવાને કારણે સર્જરીમાટે ખૂબ રાહ જોવી પડે છે. પહેલા એક વર્ષનું વેઈટિંગ હતું, જે હવે ઘટ્યું છે. છેલ્લી ઘડીએ બેડ ન મળવું અને ઓપરેશન કેન્સલ થવું એવું બને છે.

**તો યુ.કે. ના દર્દી પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેવા કેમ નથી જતા ?**

ત્યા ની રિપ્લેસમેન્ટનો ખર્ચ ૧૫,૦૦૦ થી ૨૫,૦૦૦ બ્રિટિશ પાઉન્ડ જેટલો હોય છે. મેડિકલ ઈન્સ્યોરન્સ ના હોય તો યુ.કે.માં પણ આ ખર્ચ મોટો ગણાય છે.

**શું એવું બને છે કે મોટા ખર્ચના કારણે યુ.કે. ના ગુજરાતીઓ જોઇન્ટ રિપ્લેસમેન્ટની જરૂર હોય છતાં પણ કરાવી શકતી નથી ?**

આવા ઘણા દર્દીઓ મારા સંપર્ક માં આવ્યા છે કે જે આર્થિક રીતે મધ્યમ

વર્ગીય છે અને યુ.કે.નો ખર્ચો ન પોસાવાથી બીજા વિકલ્પ શોધી રહ્યા હતા. ભારતમાં ૫,૦૦૦ પાઉંડમાં ડો. ભરતભાઈ ઉત્તમ સર્જરી કરી શકે છે એ હું જાણતો હતો. એટલે મને વિચાર આવ્યો કે તો કેમ હું એવું કઈ ના કરું કે જેથી કરીને મારા યુ.કે.ના દર્દીઓને મારી અને ડો. ભરતભાઈની ની મિત્રતા નો લાભ આપી વેલકેરમાં સર્જરી કરાવી આપું.

**પણ શું વેલકેર હોસ્પિટલ યુ.કે. ના લેવલની છે ખરી ?**

ભરતભાઈ વેલકેર હોસ્પિટલ ની સ્થાપના કરતા હતા ત્યારે તેના પાયાથી હું ભરતભાઈ સાથે સંકળાયલો છું. વેલકેર હોસ્પિટલ એ એક આંતરરાસ્ટ્રીય સ્તર ની અત્યાધુનિક હોસ્પિટલ છે, કે જે યુ.કે. ની ઘણી હોસ્પિટલો કરતાં પણ એક કદમ આગળ છે.

**તો વેલકેરમાં ઓપરેશન કરવા તમે તમારા યુ.કે.ના દર્દીઓને કેવી રીતે મદદ કરો છો ?**

હું દર્દીઓને કહું છું કે જો વહેલાસર સર્જરી કરાવવી હોય તો તમે વેલકેર હોસ્પિટલમાં કરાવો. જો તમે મારે ત્યાં પ્રાઈવેટ ટ્રીટમેંટ કરાવો તો ૨૫,૦૦૦ બ્રિટિશ પાઉન્ડ સુધી નો ખર્ચો છે. જો તમે વડોદરા, ગુજરાત, ની વેલકેર હોસ્પિટલમાં મારી હાજરી માં વિશ્વવિખ્યાત ઓર્થોપેડિક સર્જન ડો. ભરત મોદી દ્વારા ઓપરેશન કરાવશો તો ખર્ચો અંદાજે ૫,૦૦૦ પાઉન્ડ થશે. ઉપરાંત ડો. ભરતભાઈની કુશળતાનો લાભ પણ મળશે.

**તો પણ દર્દી ઓ ને બીજી કોઇ મુઝવણો લાગતી હશે ને ?**

યુ.કે માં વસતા નવી પેઢી ભારતને પછાત ગણે છે કારણ કે તેમણે ભારત જોયો નથી. તેમને શંકા હોય છે કે ભારત માં આવી ઉચ્ચ સારવાર શક્ય છે ખરી? વેલકેર હોસ્પિટલમાં અદ્યતન ટેક્નોલાજી અને કુશળતા હશે ખરી કે આવા મોટા ઓપરેશનો થઈ શકે ?

હું તેમને વેલકેરની અદ્યતન 'ઝિરો ઈન્ફેક્શન' ઓપરેશન થિએટરની માહિતી અને ડો. ભરતભાઈની કુશળતા વિશે વિગતો આપું છે. વેલકેર હોસ્પિટલ પશ્ચિમ ના દેશો ની હોસ્પિટલની સરખામણીમાં પણ સરસ છે તે કહું છું. વેલકેર હોસ્પીટલમાં ભારતીયો સાથે દુનિયાના લગભગ બધાજ દેશમાંથી દર્દીઓ સારવાર લઈને જાય છે તે કહું છું.

દર્દીઓને એવી પણ ચિંતા હોય છે કે ભારત થી સારવાર લઈ યુ.કે. પાછા જઈને કોઈ કોમ્પ્લિકેશન થયું તો શું કરવું? આ મુંઝવણ દૂર કરતાં હું જણાવું છુ કે યુ.કે.માં પાછા આવીને કોઇ પણ તકલીફ થાય તો તે દર્દીની હું સારવાર કરીશ, કારણ હું તો યુ.કે. નો જ નિવાસી છું.

**જો યુ.કે. જેટલીજ સગવડ ભારતના વેલકેર હોસ્પિટલમાં વ્યાજબી દરે મળતી હોય તો વેલકેર હોસ્પિટલમાં સારવાર કરાવવી આ શ્રેષ્ઠ વિકલ્પ ના કહેવાય ?**

બરોબર છે. હું યુ.કે. રહેતા ભારતીય દર્દીઓને એટલું જણાવવા માંગીશ કે આટલી સગવડ મળતી હોય તો સારવાર માટે ભારતમાંજ આવવું જોઈએ.

એનાથી વિશેષ હું પણ દર્દીઓ સાથે વેલકેર હોસ્પિટલની મુલાકાત માટે મારા ખર્ચે ભારત આવીશ.

દર્દીઓએ ફક્ત પોતાની એર ટિકિટ સ્વખર્ચે નીકળવાની રહશે. મારા ભાડાનો ખર્ચ હું ઉપાડીશ. વેલકેર હોસ્પિટલ ની મુલાકાત બાદ દર્દી મિત્ર ને હોસ્પિટલ પસંદ આવશે તોજ ત્યાં એની સારવાર કરીશું.

જમણે: વેલકેર ટુડે ના સપ્ટેમ્બર ૨૦૧૭ના અંક માં આંતરરાષ્ટ્રીય દર્દીઓ વિશે લેખ હતો.

**એક સવાલ ડો. ભરત મોદી ને...**

**દર્દીઓ માટે આટલું બધુ કરવાનો તમને શું ફાયદો ?**

ડો. ભરત મોદી કહે છે...

વેલકેર હોસ્પિટલમાં યુ.કે. સહિત પુરી દુનિયામાંથી દર્દીઓ નિયમિત આવે છે. તે બદલ વેલકેર ને એવોર્ડ મળ્યા છે. હું અને ડો. હરીશ યુ.કે. ના દર્દીઓને વેલકેરમાં આવવા ફક્ત મદદ કરીએ છીએ.

વધુ દર્દી આવે તેમાં વેલકેરનો ફાયદો છે તો ખરો... તેમાં ના નથી, પણ યુ.કે.ના દર્દીઓ આવે તો આંતરાષ્ટ્રીય કક્ષાની તબીબી સેવા પૂરી પાડવાની જવાબદારી પણ આવે છે.

હું યુ.કે. માં વસતા ભારતીય મિત્રોને જણાવવા માંગુ છું કે વિદેશથી ઘણા દર્દીઓ મારી પાસે અવાર નવાર આવે છે, જેથી મારો વ્યવસાય તો ઈશ્વરની કૃપાથી સરસ ચાલેજ છે.

પરંતુ હું મારા દેશના લોકો માટે કઈક કરવા માંગુ છું. મારી અને ડો. હરીશ ની મિત્રતાનો લાભ યુ.કે. માં વસતા મારા દેશના લોકોને મળે તેવું ઈચ્છું છું. જો ઉચ્ચ કક્ષાની સારવાર વ્યાજબી ખર્ચે મળી રહેતી હોય તો આનાથી સારું બીજું શું હોય ?



# વેલકેર હોસ્પિટલ ઘોષણા કરી રહ્યું છે કે

## દર મહિનાના ઘોષીત શનિવારને સ્વાસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે

**Welcare Hospital**

we care

વિનામુલ્યે સેવાઓ: હાડકા અને સાંધાના રોગોનું ચેકઅપ, એક્સ-રે તપાસ અને જનરલ મેડિસીન રોગોની તપાસ. વહેલા તે પહેલા ધોરણે રજીસ્ટ્રેશન. ફોન -૦૨૬૫ ૨૩૩૭૧૭૨ સરનામું : વેલકેર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

આગળના સ્વાસ્થ્ય અધિકાર દિવસો

| | |
|---|---|
| **૯ નવેમ્બર ૨૦૧૯** | **૭ ડિસેમ્બર ૨૦૧૯** |

## મા કાર્ડ ધારકો માટે ખુશ ખબર

ઘૂંટણ
અને થાપાની સમસ્યાથી
પીડા મુક્ત થવા રાજ્ય સરકાર માન્ય
**મા કાર્ડ** યોજનામાં હવે સાંધા પ્રત્યારોપણ
(જોઈન્ટ રીપ્લેસમેન્ટ) ઉપલબ્ધ



સારવાર
વિશ્વ વિખ્યાત સર્જન
**ડૉ ભરત મોદી**
દ્વારા થશે

વધુ માહિતી માટે રુબરુ મુલાકાત કરો. ૦૨૬૫ ૨૩૩૭૧૭૨. વેલકેર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

## આર્થરાઈટીસ ફાઉંડેશનના ડોક્ટર દ્વારા તમારા ઘર આંગણે નિ:શુલ્ક તપાસ

| No. | Place | Visit Day | Visiting Doctor | Contact No. |
|---|---|---|---|---|
| 1 | Indore & Ujjain | 1st & 3rd Saturday | Dr Jigar Shah | 9726447750 |
| 2 | Ratlam & Mandsaur | 2nd & 4th Saturday | Dr. Varun Shah | 9327435570 |
| 3 | Khambhat | 1st & 3rd Tuesday | Dr. Varun Shah | 9327435570 |
| 4 | Surat, Kadodara, Bardoli, Navsari | Every Friday | Dr. Jigar Shah | 9726447750 |
| 5 | Bharuch & Karjan | Every Thursday | Dr Jigar Shah | 9726447750 |
| 6 | Dahod & Godhra | 1st & 3th Monday | Dr Ronak Patel | 9328921614 |
| 7 | Anand & Nadiad | 2nd & 4th Tuesday | Dr. Varun Shah | 9327435570 |
| 8 | Waghodia Road & Waghodia Village | Every Thursday | Dr. Kalpesh Patel | 9327435618 |
| 9 | Padra And Jambusar | 2nd & 4th Friday | Dr. Kalpesh Patel | 9327435618 |
| 10 | Dabhoi, Bodeli, Naswadi | 2nd & 4th Sat | Dr. Kalpesh Patel | 9327435618 |
| 11 | Balasinor, Sevalia | 1st & 3rd Friday | Dr Ronak Patel | 9328921614 |

Please call 0265 2337172 for more information between 9 am to 5 pm

# Book Post

To

**If undeliverable, please return to**
The Editor, Welcare Today
**Welcare Hospital**
Atladara-Vadsar Ring Road, Atladara,
Vadodara-390012 [Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in

Edited, Printed & Published by Dr Harshida B Mody
Welcare Hospital, Atladara-Vadsar Ring Road, Atladara, Vadodara-390012 [Gujarat] - 0265 2337172
Printed at Print Vision Pvt Ltd, Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006